વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેક્સ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail: dee@nau.in, Website: www.nau.in

**વંચાણે :** (૧) અત્રેની કચેરીની તા.૧૬/૦૪/૨૦૧૫ ની નોંધ પર માન.કુલપતિશ્રીએ આપેલ મંજૂરી
(૨) સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃ મસભ/૧૦૨૦૧૨/૭૬૧/ચ, ગાંધીનગર, તા. ૨૮/૬/૨૦૧૨

# પરિપત્ર

## કૃષિ મહોત્સવ–૨૦૧૫ અંતર્ગત જિલ્લા પંચાયતની સીટ પર સેવા નિયુકત કૃષિ વૈજ્ઞાનિકો માટે માઈલેજ ભથ્થાનો દર નકકી કરવા બાબત

### પ્રસ્તાવના :

ચાલુ વર્ષે રાજય સરકારશ્રી દ્વારા તા.૨૨/૦૪/૨૦૧૫ થી ૧૧/૦૫/૨૦૧૫ દરમ્યાન કૃષિ મહોત્સવ–૨૦૧૫નું આયોજન કરવામાં આવેલ છે. આ કૃષિ મહોત્સવ દરમ્યાન દક્ષિણ ગુજરાતની ૧૮૫ જેટલી જિલ્લા પંચાયતની સીટો પર યોજાનાર સેમીનાર અને કૃષિ પ્રદર્શન-કમ-સેલ્સની કામગીરી માટે સીટ દીઠ યુનિવર્સિટીના કૃષિ, બાગાયત અને પશુપાલન વિષયના ત્રણ કૃષિ નિષ્ણાંતોની સેવાઓની ફાળવણી કરવામાં આવેલ છે. જિલ્લા પંચાયતની સીટ દીઠ નિયુકત થયેલ ત્રણ કૃષિ વૈજ્ઞાનિકોએ ટીમ તરીકે ભાગ લઈને ખેડૂતોને માર્ગદર્શન અને યુનિવર્સિટી પ્રોડકટસનું વેચાણ કરવાનું થાય છે. આ કામગીરી માટે દરેક ટીમે કાર્યક્રમના સ્થળે બે દિવસ સુધી રહીને પછીના દિવસે પ્રદર્શનની બધી જ સામગ્રી (૩'×૫' ની સાઈઝના પોસ્ટર્સ નંગ–૧૦, મોબાઈલ લાઈબ્રેરી માટે કૃષિ સાહિત્ય, વીડીયો સીડી, વેચાણ માટેની યુનિવર્સિટીની પ્રોડકટસ) વિ. લઈને બીજા સ્થળે અને ત્યારબાદ ત્રીજા સ્થળે જવાનું થાય છે. આ માટે રાજય સરકાર કે યુનિવર્સિટી તરફથી મોટી સંખ્યામાં વાહનો ફાળવી શકાય તેમ નથી. આ અંગે કૃષિ વૈજ્ઞાનિકો તરફથી પોતાના હેડકવાર્ટરથી ફાળવેલ સીટોના સ્થળ સુધી ભારે વજન ધરાવતી પ્રદર્શન સામગ્રી લઈ જવાની અને પરત લાવવા માટે રેલ્વે કે એસ.ટી.બસોમાં મુસાફરી કરવાનું શકય ન હોવાની અત્રે રજૂઆત થયેલ હતી.

### માઈલેજ ભથ્થું આકારવાની મંજૂરી આપવા બાબત :

કૃષિ વૈજ્ઞાનિકો તરફથી થયેલ રજૂઆતનું વ્યાજબીપણું ધ્યાને લઈને પુખ્ત વિચારણાને અંતે જિલ્લા પંચાયતની સીટ દીઠ સેમિનાર અને કૃષિ પ્રદર્શનની સેવા માટે યુનિવર્સિટી તરફથી નિયુકત કરવામાં આવેલ કૃષિ વૈજ્ઞાનિકોએ ફરજ દરમ્યાન પોતાનું, ભાડાનું કે ઉછીના વાહનમાં મુસાફરી કરેલ હોય તો સરકારશ્રીના ઉપરોકત વંચાણે લીધેલ ઠરાવ નં (૨) અનુસાર માઈલેજ ભથ્થાના દર ફકત કૃષિ મહોત્સવ– ૨૦૧૫ની કામગીરી પુરતા આ સાથે સામેલ પાના નં. ૨ પર દર્શાવેલ નિયમોને આધિન રહીને ખાસ કિસ્સામાં નીચે મુજબ આકારવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| અ.નં. | વાહનનો પ્રકાર | માઈલેજ ભથ્થાનો દર |
|---|---|---|
| ૧. | મોટરકાર/જીપ વગેરે (પેટ્રોલ) | રૂા. ૮.૦૦ પ્રતિ કિ.મી. |
| ૨. | મોટરકાર/જીપ વગેરે (ડીઝલ) | રૂા. ૭.૦૦ પ્રતિ કિ.મી. |
| ૩. | મોટરકાર/જીપ વગેરે (સી.એન.જી.) | રૂા. ૪.૦૦ પ્રતિ કિ.મી. |
| ૪. | સ્કુટર/મોટર સાઈકલ | રૂા. ૨.૦૦ પ્રતિ કિ.મી. |
| ૫. | અન્ય પ્રકારના વાહનો | રૂા. ૨.૦૦ પ્રતિ કિ.મી. |

પાના નં.૨ પર ચાલુ.....

**માઈલેજ ભથ્થું મેળવવા સબંધી નિયમો :**

૧. ટીમના ત્રણેય સભ્યોએ એક જ ફોર વ્હીલરમાં મુસાફરી કરેલ હોવી જોઈએ. એક જ ટીમના એક થી વધારે કૃષિ વૈજ્ઞાનિકોને ફોર વ્હીલરનું માઈલેજ ભથ્થુ મળવાપાત્ર થશે નહી.

૨. ટીમના ત્રણ સભ્યો પૈકી કોઈપણ એક કૃષિ વૈજ્ઞાનિક જ ફોર વ્હીલર માટે માઈલેજ ભથ્થુ આકારી શકશે. બાકીના બે સભ્યો સાથે પેટ્રોલ/ડીઝલ/સી.એન.જી.ના ખર્ચની વહેંચણી પોતાની રીતે કરી લેવાની રહેશે.

૩. જે તે સ્થળના બે દિવસના કાર્યક્રમમાં પ્રથમ દિવસે જવા માટે અને બીજા દિવસે સાંજે કાર્યક્રમ પુરો થયેથી હેડ કવાર્ટર સુધી પરત આવવા સુધીના માઈલેજનું ભથ્થુ મળવાપાત્ર થશે, પરંતુ બન્ને દિવસ માટે માઈલેજ ભથ્થુ આકારી શકાશે નહીં.

૪. ઉપયોગમાં લેવામાં આવેલ ફોર વ્હીલરનો પ્રકાર (પેટ્રોલ/ડીઝલ/સી.એન.જી.), વાહનની માલિકી ( પોતાનું /ભાડાનું/ઉછીનું) અને વાહનના રજીસ્ટ્રેશન નંબરની વિગત પ્રવાસ ડાયરીમાં અચૂક દર્શાવવાની રહેશે.

૫. પ્રવાસ ડાયરી મંજુર કરાવતી વખતે ફોર વ્હીલરના માઈલેજની આકારણી માટે બીજા બે સભ્યોના નામ અને હોદ્દો પ્રવાસ ડાયરીમાં દર્શાવવાનો રહેશે.

૬. જે તે ફોર વ્હીલરનો ઉપયોગ કૃષિ પ્રદર્શનની સામગ્રીના વાહતુકના હેતૂસર થયેલ હોવો જોઈએ.

૭. લાઈન ડીપાર્ટમેન્ટ તરફથી કૃષિ મહોત્સવની કામગીરી માટે ફાળવેલ વાહનનો ઉપયોગ કરેલ હશે તો ટીમને કે વ્યકિતગત કૃષિ વૈજ્ઞાનિકને અલગથી ફોર વ્હીલરનું માઈલેજ ભથ્થુ મળવાપાત્ર થશે નહી.

૮. કૃષિ મહોત્સવ પુરો થયે ફરજ બજાવેલ તમામ કૃષિ વૈજ્ઞાનિકોએ તેમની પ્રવાસ ડાયરી સંબંધિત જિલ્લાના જિલ્લા નોડલ અધિકારીશ્રી પાસે મંજુર કરાવવાની રહેશે.

૯. વાહન સબંધી માહિતી, પ્રવાસ દરમ્યાનનું અંતર (કી.મી.) અને વાહનમાં સાથે મુસાફરી કરનાર કર્મચારીઓના નામ અંગે ભવિષ્યમાં કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી પ્રવાસડાયરી/મુસાફરી ભથ્થાંબીલ રજૂ કરનાર કૃષિ વૈજ્ઞાનિકની રહેશે.

આ પરિપત્ર અત્રેની કચેરીની તા.૧૬/૪/૨૦૧૫ની નોંધ પર હિસાબ નિયામકશ્રીના શેરા સાથે માન. કુલપતિશ્રીની મંજૂરી લઈને યુનિવર્સિટી કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૧/વેબ–૧૩/૨૦૧૫
નવસારી તા.૦૭/૦૫/૨૦૧૫

**<u>નકલ જયભારત સહ રવાના</u> :**

૧. હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
૨. વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
૩. યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
૪. જિલ્લા નોડલ અધિકારીશ્રી, કૃષિ મહોત્સવ–૨૦૧૫, નવસારી/વલસાડ/ડાંગ/સુરત/તાપી/ભરૂચ/નર્મદા તરફ જાણ સારું.
૫. કૃષિ મહોત્સવ–૨૦૧૫ અંતર્ગત જિલ્લા પંચાયતની સીટ પર સેવા નિયુકત કૃષિ વૈજ્ઞાનિકો તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
૬. અત્રેની કચેરીમાં ટી–૧, ટી–૩, બી–૨ ટેબલ તરફ જાણ થવા સારૂ.